# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 10-02-2025 Day: MONDAY Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર વિરલ રાણા વાંચે છે.

---

## પરીક્ષા પે ચર્ચા – PM :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા વિદ્યાર્થીઓ સાથેનો સંવાદ કાર્યક્રમ, પરીક્ષા પે ચર્ચા ની આઠમી આવૃત્તિ, આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. પ્રધાનમંત્રી સાથે સીધી વાતચીત કરવા માટે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના 36 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.5 કરોડથી વધુ ભાગીદારી સાથે, આ વર્ષનો કાર્યક્રમ જન આંદોલન તરીકે તેની સ્થિતિનું ઉદાહરણ આપે છે, જે શિક્ષણના સામૂહિક ઉજવણીને પ્રેરણા આપે છે. પરીક્ષા પે ચર્ચા 2025 માં સાત એપિસોડ દર્શાવવામાં આવશે, જેમાં વિવિધ ક્ષેત્રોના પ્રખ્યાત વ્યક્તિઓ જીવન અને શિક્ષણના આવશ્યક પાસાઓ પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે એકસાથે આવશે.

ગુજરાતમાં ધોરણ 10 અને 12 વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહના કુલ 14 લાખ 30 હજાર વિદ્યાર્થીઓ સહિત ધોરણ 6 થી 12 સુધીના વર્ગોના કુલ 61 લાખ 49 હજાર 343 વિદ્યાર્થીઓ પ્રધાનમંત્રી અને વિવિધ ક્ષેત્રોનાં નિષ્ણાતો પાસેથી જીવન અને શિક્ષણનાં વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન મેળવશે. ગુજરાતની 40 હજારથી વધુ શાળાઓમાં વિવિધ માધ્યમો દ્વારા જીવંત પ્રસારણ થવાનું છે.

આ કાર્યક્રમ આકાશવાણી, દૂરદર્શન, સ્વયં, સ્વયં પ્રભા, PMO યુટ્યુબ ચેનલ અને શિક્ષણ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયોની સોશિયલ મીડિયા ચેનલો પર લાઇવ પ્રસારિત કરવામાં આવશે.

---

## રાષ્ટ્રપતિ – મહાકુંભ મુલાકાત :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પ્રયાગરાજમાં મહાકુંભની મુલાકાત લેશે. તેઓ ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવશે. રાષ્ટ્રપતિ પ્રયાગરાજમાં અક્ષયવત અને બડે હનુમાન મંદિરની પણ મુલાકાત લેશે. તેઓ ડિજિટલ મહાકુંભ અનુભવ કેન્દ્ર માં આધુનિક ટેકનોલોજી દ્વારા મહાકુંભ વિશેની માહિતી મેળવશે.

---

## અંબાજી પરિક્રમા – CM :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલુ પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ત્રણ દિવસના શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ –2025નો આરંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ મા અંબાના દર્શન કરીને પાલખી તથા ઘંટી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.  પરિક્રમાના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનું આગમન થયું છે. પરિક્રમા મહોત્સવ માટે અંબાજી આવનાર શ્રદ્ધાળુઓ માટે 500 જેટલી એસટી બસ ની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે અને ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

---

## રાજકોટ હીરાસર એરપોર્ટ :

રાજકોટના હિરાસર એરપોર્ટનાં નવા ટર્મિનલનું લોકાર્પણ કરાયું.નવા ટર્મિનલમાં 14 એરક્રાફ્ટ પાર્કિંગ સુવિધા, 256 જેટલા સીસીટીવી કેમેરા, 4 એરોબ્રિજ અને એક સાથે 1800 મુસાફરોને હેન્ડલ કરી શકાય તેવી સુવિધા ઉભી કરવામાં આવી છે.

---

## મહાશિવરાત્રિ પર્વ ઉજવણી – બેઠક - કચ્છ :

આગામી મહાશિવરાત્રિ પર્વની જિલ્લામાં ધામધૂમ પૂર્વક ઉજવણી કવામાં આવશે. મહાશિવરાત્રી પર્વ અનુસંધાને સનાતન હિન્દુ સમાજની ભુજ ખાતે બેઠક યોજાઇ હતી. બેઠકમાં મહાશોભાયાત્રા કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તમામ સમાજના પ્રમુખો, નવરાત્રિ મંડળો, ગણેશ મંડળો સાથે સંકલન કરી આયોજનને પાર ચાડવા ચર્ચા કરાઇ હતી. તમામ સમાજના અગ્રણીઓને સમિતિ દ્વારા શોભાયાત્રામાં ફ્લોટ્સ કે સ્ટોલ રાખી શિવભક્તિ કરવા માટે અપીલ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે દર વર્ષે મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભુજમાં વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવે છે.

---

## અકસ્માત:

રાપર તાલુકના ભિમાસર પાસેના પાવરહાઉસ પાસે ગઈકાલે બપોર ના અરસામાં બે કાર સામસામે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં અંજારના નિંગાળ ગામના વૃદ્ધ અને ભચાઉના ચોબારી ગામના યુવાનનું ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા, જ્યારે સામેની કારમાં બેઠેલા લોકોને ઈજાઓ થતાં તેમને પલાંસવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા.

---

## વિશ્વ એપીલેપ્સી દિવસ:

દર વર્ષે ફેબ્રુઆરી મહિનાના બીજા સોમવારે વિશ્વ એપીલેપ્સી એટલે વાઈ દિવસ મનાવવામાં આવે છે.જી.કે. જનરલ હોસ્પિટલનાતબીબે આ અંગેની વધુ સમજણ આપતા કહ્યું કે, આ રોગ સંપૂર્ણ મગજની બીમારીને લગતો છે.જી.કે.ના ઈમરજન્સી વિભાગમાં ગત મહિને અંદાજે ૧૪૦ જેટલા વાઇના દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.આ રોગ માં ૭૫ થી ૮૦ % સુધી દર્દીઓ સ્વસ્થ  થતા હોય છે પરતું આની સારવાર અધવચ્ચે ના છોડવા તબીબો સલાહ આપે છે

---

## ક્રિકેટ:

ભારતે ઇંગ્લેન્ડ ને  બીજી એક દિવસીય મેચ માં 4 વિકેટે હરાવી  વિજય ની પરંપરા જાળવી રાખી છે તે સાથે ત્રણ એક દિવસીય મેચ ની શ્રેણી બે વિરુદ્ધ શૂન્ય સાથે જીતી લીધી છે ઓડિશા નાં કટક ખાતે નાં   બારાબતી સ્ટેડિયમ પરની બીજી મેચમાં ઇંગ્લેન્ડ ની ટીમે 304 રન કર્યા હતા જેના જવાબ માં ભારતીય ટીમે 6 વિકેટ ગુમાવી 308 રન કરી મેચ  જીતી લીધી હતી  સુકાની રોહિત શર્મા એ તેની કારકિર્દી ની વન ડે મેચ ની 32 મી સદી  નોંધાવી 119 રન કર્યા હતા

---

## હવામાન:

રાજ્યમાં કેટલાંક સ્થળોએ મહત્તમ તાપમાનમાં વધારો નોંધાતા ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેવાની આગાહી કરી છે. નલિયામાં રાજ્યનું લઘુતમ તાપમાન 10.4 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું. જ્યારે જિલ્લા મથક ભુજનું લઘુત્તમ તાપમાન 14.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યમાં શિયાળો અલવિદા કહી રહી હોય તે રીતે ધીમે ધીમે ઠંડીનો પ્રકોપ ઘટી રહ્યો છે અને દિવસ દરમિયાન સામાન્ય ગરમીનો અનુભવ થઇ રહ્યો છે.

---